"મીઠાં બાળકો - એક મનમનાભવ નાં મહામંત્ર થી તમે સમજદાર બનો છો, આ જ મંત્ર બધાં પાપો થી મુક્ત કરવા વાળો છે"

પ્રશ્ન :- પૂરાં જ્ઞાન નો સાર શું છે, મનમનાભવ રહેવા વાળાની નિશાની શું હશે?

ઉત્તર :- પૂરાં જ્ઞાનનો સાર છે કે હવે આપણે પાછા ઘરે જવાનું છે. આ છી-છી દુનિયા છે, આને છોડી આપણે પોતાનાં ઘરે જવાનું છે. જો આ યાદ રહે તો પણ મનમનાભવ થયું. મનમનાભવ રહેવા વાળા બાળકો સદા જ્ઞાન નું વિચાર સાગર મંથન કરતા રહેશે. તેઓ બાબા સાથે મીઠી-મીઠી રુહરિહાન કરશે.

પ્રશ્ન :- કઈ આદતને વશીભૂત આત્મા બાપ ની યાદમાં નથી રહી શકતો?

ઉત્તર :- જો ગંદા ચિત્ર જોવાની, ગંદા સમાચાર વાંચવાની આદત પડી તો બાપની યાદ રહી નથી શકતી. સિનેમા છે દોજક (નર્ક) નો દ્વાર, જે વૃત્તિઓ ને ખરાબ કરી દે છે.

ઓમ્ શાંતિ ! રુહાની બાપ બેસી રુહાની બાળકોને સમજાવે છે. સમજાવવાનું એમને હોય છે, જેમનામાં થોડી ઓછી સમજ છે. તમે હમણાં બહુજ સમજદાર બની ચૂક્યાં છો જે સમજો છે કે આ અમારા બેહદ નાં બાપ પણ છે, બેહદ ની શિક્ષા પણ આપે છે. સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય પણ સમજાવે છે. સ્ટુડન્ટ (વિદ્યાર્થી) ને બુદ્ધિમાં જ્ઞાન હોવું જોઈએ ને અને પછી બાપ સાથે પણ જરુર લઈ જશે કારણ કે બાપ જાણે છે કે આ જૂની છી-છી દુનિયા છે. આ જૂની દુનિયાથી હું બાળકોને ઘરે લઈ જવા આવ્યો છું. બાબા સમજાવે છે કે અહીં બેઠા-બેઠા બાળકોને અંદર જરુર આવતું હશે કે ઓહો! આ અમારા બેહદ નાં બાપ પણ છે, પછી શિક્ષા પણ બહુજ ઊંચી આપે છે. આખી રચના નાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય પણ સમજાવ્યું છે. આ બધું યાદ કરવું પણ મનમનાભવ છે. આ પણ તમારા ચાર્ટ માં આવી શકે છે. આ તો ખૂબજ સહજ છે. બીજું ભલે કાંઈ પણ ન કરો, પરંતુ ઉઠતાં-બેસતાં, ચાલતાં-ફરતાં બુદ્ધિમાં આ યાદ રહે. વન્ડરફુલ વસ્તુ ને યાદ કરવાની હોય છે. તમે સમજો છો કે બાબા ને યાદ કરવાથી, ભણતર ભણવાથી આપણે ફરીથી વિશ્વનાં માલિક બનીએ છીએ. આ બુદ્ધિમાં ચાલતું રહેવું જોઈએ. ભલે ક્યાંય પણ બસ-ટ્રેન વગેરેમાં બેઠા હોય પરંતુ બુદ્ધિમાં યાદ હોય. પહેલાં-પહેલાં તો બાળકોને બાપ જોઈએ. તમે જાણો છો કે આપણા આત્માઓનાં રુહાની બેહદનાં બાપ છે. સહજ યાદ અપાવવા માટે બાબા યુક્તિ બતાવે છે. મામેકમ્ યાદ કરો તો અડધાકલ્પ નાં જે તમારા વિકર્મ છે, તે બધાં યોગ અગ્નિ થી ભસ્મ થઈ જાય. જન્મ-જન્માંતર બહુજ યજ્ઞ જપ તપ વગેરે કર્યા છે. ભક્તિમાર્ગ વાળા ને ખબર જ નથી કે આ બધું કેમ કરીએ છીએ. એનાંથી શું પ્રાપ્તિ થશે. મંદિરો માં જાય છે એટલી ભક્તિ કરે છે, સમજે છે કે આ બધું પરંપરા થી ચાલતું આવ્યું છે. શાસ્ત્રો માટે પણ કહેશે કે આ પરંપરા થી ચાલ્યાં આવ્યાં છે. પરંતુ મનુષ્યો ને ખબર જ નથી કે સ્વર્ગમાં તો શાસ્ત્ર હોતાં નથી. તેઓ સમજે છે કે સૃષ્ટિ ની શરુંઆત થી જ આ બધું ચાલ્યું આવે છે. ન કોઈને આ કહી શકે કે બેહદનાં બાપ કોણ છે. અહીં હદ નાં બાપ તથા હદ નાં શિક્ષક તો નથી. હદ નાં શિક્ષક થી તો તમે બધાં ભણેલા છો. જે ભણીને જ નોકરી વગેરે કરે છે, કમાણી કરે છે. આપ બાળકો જાણો છો આ જે આપણા બેહદનાં બાપ છે, એમનાં કોઈ પણ બાપ નથી અને આ બેહદનાં શિક્ષક પણ છે. એમનાં કોઈ શિક્ષક નથી. આ દેવતાઓને કોણે ભણાવ્યાં, આ તો જરુર યાદ આવવું જોઈએ ને! આ પણ મનમનાભવ છે. એ ભણતર તો ક્યાંય થી ભણ્યાં નથી. બાપ સ્વયં જ નોલેજફુલ (જ્ઞાન સાગર) છે. આમને કોઈએ ભણાવ્યાં છે શું? મનુષ્ય સૃષ્ટિનાં એ બીજ રુપ છે અને ચૈતન્ય છે, જ્ઞાન નાં સાગર છે. ચૈતન્ય હોવાનાં કારણે મનુષ્ય સૃષ્ટિ રુપી ઝાડ નાં આદિ થી અંત સુધીનાં રહસ્ય સંભળાવે છે. અંતમાં આવીને આદિનું જ્ઞાન સંભળાવે છે અને કહે છે હે બાળકો જે તનમાં હું વિરાજમાન છું, એમનાં દ્વારા હું આદિ થી લઈને આ સમય સુધીનું બધુંજ સંભળાવું છું. અંત માટે તો પછી સમજાવશે. તમે આગળ ચાલીને સમજી જશો કે હવે અંત છે કારણ કે આ સમયે તમે કર્માતિત અવસ્થા ને પહોંચી જશો અને અણસાર પણ જોશો કે આ જૂની છી-છી દુનિયાનો વિનાશ તો થવાનો જ છે. આ કોઈ નવી વાત નથી. અનેક વાર જોયું છે અને જોતા જ રહેશો. કલ્પ પહેલાં રાજ્ય લીધું હતું પછી ગુમાવ્યું હવે ફરી લઈ રહ્યાં છો. બાબા અમને ભણાવે છે. તમે સમજો છો અમે જ વિશ્વનાં માલિક હતાં, પછી ૮૪ જન્મ લીધાં, ફરી બાબા વિશ્વનાં માલિક બનાવવા માટે તે જ જ્ઞાન આપી રહ્યાં છે. તમે અંદરમાં સમજો છો બાબા શિક્ષક પણ છે. સારું જો બાપ યાદ નથી

આવતાં તો શિક્ષક ને યાદ કરો. શિક્ષક ક્યારેય ભુલાશે શું? શિક્ષક પાસે થી તો ભણતા રહો છો. હા માયા ભૂલ કરાવે છે તે તમને ખબર નથી પડતી. માયા આંખોમાં એકદમ ધૂળ નાખી દે છે. જે આપણને ભગવાન ભણાવે છે, આ એકદમ ભૂલી જાઓ છો. બાપ દરેક વાતની સમજણ આપે છે. આ છે બેહદની સમજણ. તે છે હદ ની. આ બેહદ નું જ્ઞાન બાબા કલ્પ-કલ્પ આપ બાળકોને આપે છે. અચ્છા વધારે ભણી નથી શકતાં તો ભલા બાબાનાં રુપ થી યાદ કરો. એમનાં તો કોઈ બાપ છે નહીં, એ બધાનાં બાપ છે. પરંતુ એમનાં બાળકો બધાં છે. કોઈ બતાવી શકશે કે શિવબાબા કોનાં બાળક છે? એ છે બેહદનાં બાપ. બાળકો સમજે છે અમે બેહદનાં બાપ નાં બન્યાં છીએ. આ અમારું ભણતર પણ વન્ડરફુલ (અદ્દભુત) છે અને અમે બ્રાહ્મણ જ ભણીએ છીએ. દેવતા તથા ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર આ ભણતર નથી ભણી શકતાં. બાપનું આ જ્ઞાન જ બિલકુલ ન્યારું છે. તમારા સિવાય કોઈ સમજી ન શકે. આપ બાળકોને ખુશી નો પારો ચઢે છે કે અમે તમોપ્રધાન થી સતોપ્રધાન બનીએ. હવે ઊંચ પદ મેળવવા માટે ખૂબ પુરુષાર્થ કરવાનો છે. એવું નથી સ્વર્ગમાં તો બધાં જશે. જો જ્ઞાન અને યોગની ધારણા નહીં થશે તો ઊંચ પદ નહીં મળશે.

બાબા કહે છે સોળે કળા સંપૂર્ણ બનવામાં યાદની બહુજ મહેનત છે. જોવાનું છે કે કોઈને દુઃખ તો નથી આપતાં? આપણે સુખદાતા નાં બાળકો છીએ. બધાંને સુખ આપવાનું છે. મન્સા, વાચા, કર્મણા કોઈને દુઃખ નથી આપવાનું. આ સમયે તમે જે ભણો છો, ગુલગુલ બનો છો. આ કમાણી જ તમારી સાથે ચાલવાની છે, એમાં કોઈ પુસ્તક વગેરે ભણવાની જરુર જ નથી. એ ભણતર માં કેટલાં પુસ્તક વગેરે ભણવા પડે છે. આ બાબા નું જ્ઞાન સૌથી ન્યારું છે અને ખુબ સહજ પણ છે. પરતું છે બધું ગુપ્ત. તમારા સિવાય કોઈ સમજી ન શકે કે આ શું ભણે છે. વન્ડરફુલ ભણતર છે. બાપ કહે છે ક્યારેય એબસન્ટ (ગેરહાજર) નહીં થતાં. ભણતર ક્યારેય નહીં છોડતાં. બાબા ની પાસે બધાનું રજીસ્ટર આવે છે. એનાંથી જ બાબા સમજી જાય છે આ ૧૦ મહિના એબસન્ટ રહ્યાં, આ ૬ મહિના રહ્યાં. કોઈ તો ચાલતાં-ચાલતાં ભણતર પણ છોડી દે છે. આ ખૂબજ વન્ડરફુલ વસ્તુ છે. આવી વન્ડરફુલ વસ્તુ બીજી કોઈ હોતી જ નથી. કલ્પ-કલ્પ આપ બાળકોને આવાં બાપ આવીને મળે છે. તમે બાળકો જાણો છો આ સાકાર બાબા તો પુનર્જન્મ માં આવે છે. આ ૮૪ નું ચક્ર ખાય છે તતત્વમ્, આ ખેલ છે ને. ખેલ ક્યારેય ભૂલાતો નથી. ખેલ સદૈવ યાદ રહે છે.

બાબા સમજાવે છે એક તો આ દુનિયા દોઝક (નર્ક) છે અને એમાં પણ ખાસ આ બાયોસ્કોપ (સિનેમા) દોઝક છે. ત્યાં જવાથી વૃત્તિઓ બહુજ ખરાબ થઈ જાય છે. સમાચાર પત્ર માં પણ કોઈ સારા-સારા ચિત્ર જુએ છે તો એમાં પણ બુદ્ધિ જાય છે-આ સુંદર છે, આને ઈનામ મળવું જોઈએ, ખ્યાલાત ચાલે છે. એવું જોવાનું જ શા માટે! બુદ્ધિ થી સમજે છે આ આખી દુનિયા જ ખતમ થઈ જવાની છે. તમે ફક્ત મને જ યાદ કરો. એવી-એવી વસ્તુઓ નહીં જુઓ, ન ખ્યાલ કરો. આ તો જૂની દુનિયા નાં છી-છી (ગંદા) શરીર છે, એની તરફ શું જોવાનું છે. એક બાપ ને જ જોવાનાં છે. બાબા કહે છે મીઠાં-મીઠાં બાળકો મંઝિલ બહુજ ઊંચી છે. માયા કંઈ ઓછી નથી. માયાને જુઓ કેટલો ભભકો છે. એ તરફ છે સાઈન્સ (વિજ્ઞાન) અને અહીં છે તમારું સાઈલેન્સ (શાંતિ). તે લોકો ઈચ્છે છે મુક્તિ મેળવીએ. અહીં તમારું મુખ્ય લક્ષ છે જીવનમુકિત ને મેળવવાનું. જીવનમુક્તિ મેળવવાનો કોઈ રસ્તો બતાવી ન શકે. સંન્યાસી વગેરે કોઈ પણ આ જ્ઞાન આપી ન શકે. તેઓ કોઈને સમજાવી નથી શકતાં કે ગૃહસ્થ વ્યવહાર માં રહીને પવિત્ર બનવાનું છે. આ એક જ બાપ સમજાવે છે. ભક્તિમાર્ગ માં ટાઈમ વેસ્ટ (સમય વ્યર્થ) જ થતો આવ્યો છે. કેટલી ભૂલો થાય છે. ભૂલ કરતા-કરતા ભોળા જ બની ગયાં છે. આ અંતિમ જન્મ ૧૦૦ ટકા ભૂલો નો જ છે. જરા પણ બુદ્ધિ કામ નથી કરતી. હવે બાબા તમને સમજાવે છે, ત્યારે તમે સમજો છો. હવે તમે બધાં સમજી ગયાં છો તો બીજાઓ ને પણ સમજાવો છો. ખુશી નો પારો પણ તમને ચઢે છે. વન્ડર છે ને - આ બાપ ને કોઈ બાપ નથી, કોઈ શિક્ષક નથી. તો શીખ્યાં ક્યાંથી! મનુષ્ય વન્ડર (આશ્ચર્ય) ખાશે. ઘણાં સમજે છે આમનાં કોઈ ગુરુ હશે. જો આ પણ ગુરુ થી શીખેલા હોય પછી ગુરુ નાં બીજા પણ શિષ્ય હોવા જોઈએ. ફક્ત આ એક શિષ્ય થોડી હશે. ગુરુ નાં તો ઘણાં શિષ્યો હોય છે. આગાખાન નાં જુઓ કેટલાં શિષ્ય છે. એમને ગુરુ માટે જુઓ કેટલો રિગાર્ડ (આદર) રહે છે. એમને હીરા માં વજન કરે છે. તમે શેમાં વજન કરશો? આ તો સૌથી સુપ્રીમ (પરમ) છે. આમનું વજન કેટલું થશે? તમે શું કરશો! વજન કરો તો કેટલું થશે? કોઈ વસ્તુ પડી શકે છે? શિવબાબા તો બિન્દુ છે ને. આજકાલ વજન ખુબ કરે છે. કોઈ સોના માં, કોઈ ચાંદી માં, પ્લેટિનમ માં પણ કરે છે. તે સોના થી પણ મોંઘુ હોય છે. હવે બાપ સમજાવે છે તે શરીરધારી ગુરુ તો તમને સદ્દગતિ આપતાં નથી. સદ્દગતિ માં લઈ જવા વાળા તો એક જ બાપ છે, એમને શેમાં વજન કરશો? મનુષ્ય તો ફક્ત ભગવાન-ભગવાન જ કહેતા રહે છે. પરતું એ નથી

જાણતાં કે એ બાપ છે, શિક્ષક પણ છે. બેઠાં કેટલાં સાધારણ છે. બાળકોનું મુખડું જોવા માટે થોડાં ઉપર બેસે છે. મદદગાર બાળકો વગર હું સ્થાપના કેવી રીતે કરી શકું છું! જે વધારે મદદ કરે છે એમને જરુર બાબા લવ (પ્રેમ) કરશે. લૌકિક માં પણ એક બાળક ૨૦૦૦ કમાય, બીજો ૧૦૦૦ કમાતો હશે. તો બાપ નો લવ કોનાં પર રહેશે? પરતું આજકાલ તો બાળકો પૂછે જ બાપ ને ક્યાં છે? બેહદ નાં બાપ પણ જુએ છે ફલાણા-ફલાણા બાળકો ખૂબજ સારા મદદગાર છે. બાળકો ને જોઈ-જોઈ બાબા હર્ષિત થાય છે. આત્મા ખુશ થાય છે. કલ્પ-કલ્પ હું આવું છું અને બાળકો ને જોઈ ખૂબજ ખુશ થાઉં છું. જાણું છું કલ્પ-કલ્પ આ મારા મદદગાર બને છે. આ બાબા નો પ્રેમ કલ્પ-કલ્પ નો બની જાય છે. ક્યાંય પણ બેઠા હોય બુદ્ધિ માં આ વિચારો બાબા મારા બાપ પણ છે, શિક્ષક પણ છે, ગુરુ પણ છે. સ્વયં જ સર્વસ્વ છે. ત્યારે તો બધાં એમને જ યાદ કરે છે. સતયુગ માં કોઈ યાદ નહીં કરે કારણ કે ૨૧ જન્મોનાં માટે બાપ બેડો પાર કરી દે છે. એવું-એવું સિમરણ કરી બાળકોએ હર્ષિત થવું જોઈએ. ખુશી થવી જોઈએ કે અમે એવાં બાપ ની સર્વિસ (સેવા) કરીએ. બાપનો બધાંને પરિચય આપીએ. આ બેહદનાં બાપ છે. બાપ જ સ્વર્ગ ની સ્થાપના કરે છે. બાપ જ આપણને બધાંને સાથે પણ લઈ જાય છે. એવી-એવી સમજણ થી સર્વવ્યાપી કહી નહીં શકે. બાપે કહ્યું છે વિનાશકાળે વિપરીત બુદ્ધિ વિનશયન્તી. તે બધું ખતમ થઈ જશે, બાકી તમે વિજય મેળવશો. તમે રાજધાની સ્થાપન કરી રહ્યાં છો. આત્માઓનાં બાપ આત્માઓને સમજાવે છે. તો આવી-આવી વન્ડરફુલ વાતો બધાંને સંભળાવવી જોઈએ. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સુખદાતા નાં આપણે બાળકો છીએ, આપણે બધાંને સુખ આપવાનું છે. મન્સા-વાચા-કર્મણા કોઈ ને પણ દુઃખ નથી આપવાનું.
2. ભણતર અને ભણાવવા વાળા બંને વન્ડરફુલ છે. આવાં વન્ડરફુલ ભણતર ને ક્યારેય પણ મિસ નથી કરવાનું (છોડવાનું નથી). ગેરહાજર નથી થવાનું.

વરદાન :- સદા દરેક દિવસ સ્વ ઉત્સાહ માં રહેવા અને સર્વ ને ઉત્સાહ અપાવવા વાળા રુહાની સેવાધારી ભવ

બાપદાદા સર્વ રુહાની સેવાધારી બાળકોને સ્નેહ ની આ સોગાત (ભેટ) આપે છે કે “બાળકો દરરોજ સ્વ ઉત્સાહ માં રહો અને સર્વને ઉત્સાહ અપાવવાનો ઉત્સવ મનાવો.” એનાંથી સંસ્કાર મેળવવાની, સંસ્કાર ખતમ કરવાની જે મહેનત કરવી પડે છે તે છૂટી જશે. આ ઉત્સવ સદા મનાવો તો બધી સમસ્યાઓ ખતમ થઈ જશે. પછી સમય પણ નહીં આપવો પડે, શક્તિઓ પણ નહીં લગાવવી પડે. ખુશી માં નાચવા, ઉડવા વાળા ફરિશ્તા બની જશો.

સ્લોગન :- ડ્રામા નાં રહસ્યને સમજી નથિંગન્યુ (નવું નથી) નો પાઠ પાક્કો કરવા વાળા જ બેફિકર બાદશાહ છે.